ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

“ વિજ્ઞાન ભવન ” પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY · GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-[redacted], 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 26th June, 2018

પ્રતિ,

તંત્રી શ્રી,

.........................................., ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જુલાઈ-૨૦૧૮ મહિનાના અંતિમ સપ્તાહમા

**ઔદ્યોગિક ક્રાંતિ (આઈઆર) 4.0: શું આપણે તૈયાર છીએ? વિષય પર યોજાશે**

**જીલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમીનાર**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા દર વર્ષે વિજ્ઞાન સંબંધિત વિવિધ વિષયો આધારિત પ્રથમ જીલ્લા કક્ષાએ અને ત્યારબાદ રાજ્ય કક્ષાએ કાર્યક્રમો યોજવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ શાળાઓના વિદ્યાર્થીઓમાં રહેલા વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણને ખીલવવાનો છે. જેના ભાગ રૂપે દર વર્ષની જેમ આ વર્ષે પણ નેશનલ સાયન્સ સેમીનાર – ૨૦૧૮નું આયોજન પ્રથમ જીલ્લા કક્ષાએ ત્યારબાદ રાજ્ય કક્ષાએ થનાર છે.

ભાવનગર જીલ્લામાં જીલ્લા કક્ષાના નેશનલ સાયન્સ સેમીનાર-૨૦૧૮નું આયોજન GUJCOST દ્વારા સંચાલિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આગામી જુલાઈ-૨૦૧૮ મહિનાના અંતિમ સપ્તાહમા ઔદ્યોગિક ક્રાંતિ (આઈઆર) 4.0: શું આપણે તૈયાર છીએ? (Industrial Revolution (IR) 4.0: Are we Prepared?) વિષય પર યોજવામાં આવશે.

ઉપરોક્ત સેમીનારમાં આપની શાળામાંથી ધોરણ ૮, ૯ અને ૧૦ માંથી એક (૧) વિદ્યાર્થી ભાગ લઇ શકશે. આ સ્પર્ધામાં સ્પર્ધક ઉપરોક્ત વિષય સબંધિત પોતાના છ (૬) મીનીટના વક્તવ્યમાં ચાર્ટ, નકશા સ્લાઈડ (PPT) વગેરે દ્રશ્ય સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ સાયન્સ સેમીનારમાં ભાગ લેવા ઈચ્છતી શાળાએ ભાગ લેનાર વિદ્યાર્થીનું નામ, ધોરણ તથા માર્ગદર્શક શિક્ષકનું નામ, શિક્ષક / આચાર્યનો મોબાઈલ નંબર અને ઈ-મેઇલ સહિતની વિગતો શાળાના લેટર હેડ પર લખી તા.૨૧.૦૭.૨૦૧૮ સુધીમાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ‘વિજ્ઞાન ભવન’, પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ, પંજાબ નેશનલ બેંક વાળી ગલી, હિલ ડ્રાઈવ, ભાવનગર ખાતે રૂબરૂ, ફોન (0278 2570111) ઈ-મેઈલ (krcscbvn@gmail.com) અથવા WhatsApp (88 66 570 111) દ્વારા ફરજીયાત નોંધણી કરવી લેવા જણાવ્યું છે.

નેશનલ સાયન્સ સેમીનાર – ૨૦૧૮ અંગેની વધુ માહિતી માટે www.krcscbhavnagar.org પર અથવા **88 66 570 111** પર સંપર્ક કરી શકાશે.

26-6-18

(હર્ષદ જોષી)

કો-ઓર્ડીનેટર,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.

D:\2018-19\All Letter and Press Note 2018-19\Press of KRCSC FL 2018-19